67

શ્રી વિનય.

અનુ-મણી.

નાટક ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

SHRI DESHI NATAK CO. LD.

શ્રી દેશી નાટક કંપની લીમીટેડ.

પેલાભાઇ દોલતરામ દલાલ.

એજન્ટ.

—(०)—

અમદાવાદ.

શ્રી [illegible] જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યાં.

કીમત બે આના.



શ્રી વિનય.

મનુ-મણી નાટકનાં ગાયનો.

શ્રી દેશી નાટક કંપની લીમીટેડ.

આવૃતી ૨ જી.

પ્રત ૩૦૦૦.

અમદાવાદ.

ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસમાં

દેવીદાસ છગનલાલ પરીખે છાપ્યાં.

ઠે. સલાપોસના દરવાજે.

સંવત ૧૯૬૪ સને ૧૯૦૭

કીંમત ૦-૨-૦ બે આના.

શ્રી વિનય

મનુ-મણી નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

મંગળાચરણ.

પ્રવેશ ૧ લો—ક્ષિતિપુરીના મહારાજા કિર્તિસીંહનું તથા તેમના ભાણેજ ચંદ્રસીંહનું શીકારે નીકળવું માર્ગમાં જુદા પડવું, ચંદ્રસીંહનું જંગલમાં આવી ચડવું મુગટનું મળવું, કીર્તિસીંહનો પાછો મેળાપ, મુગટનું અર્પણ કરવું, ધડાકા સાથે વનદેવીનો દેખાવ, મણી કન્યાનું ઉત્પન્ન થવું, સોંપવું, રાજા તથા મણી કન્યાનું જવું, ચંદ્રસીંહ વિમાસણમાં, ચંદ્રસીંહ તથા તેના મિત્ર દુર્જનસીંહના હવાઇ વિચારો.

પ્રવેશ ૨ જો—રાજ્ય ઝવેરી રતનચંદ તથા તેની સ્ત્રી ધનકોર શેઠાણી, કંજુસની કહાણી, ભીખારીની માગણી અને ધમાધમ.

પ્રવેશ ૩ જો—રાજ્ય મણીહા મદનીકાની આજ્ઞાથી મનુભાને બોલાવવા નીકળેલી મદનીકાની દાસી, પરાધીનપણા વીશે વીચારો, મનુભાથી મેળાપ, મનાવી પ્રેમ પાન કરાવવા લઇ જવું.

પ્રવેશ ૪ થો—મહનીકા, પ્રીતમને મળવાના તાનમાં, દાસી મારફતે મનુભાનો પ્રવેશ, કપટથી વચન લેઇ છતા થવું., પ્રેમ માગણી, વાદવીવાદ, મનુભાનો તીરસ્કાર, ચાલ્યા જવું.

પ્રવેશ ૫ મો—બાગમાં મણી કન્યા તથા સાહેલીઓ, ગમ્મત, ગરબો, મનુભાનું આવવું, નીંદા સ્વપ્નાવસ્થા વિચારો, સાહેલીઓની ગમ્મત.

પ્રવેશ ૬ ઠો—રતનચંદ ઝવેરીના દીકરા ધકકલાલ, તથા તેની વહુ પાનકોર, કજોડાની કહાણી, મનકોરનું પાનકોર ને પરાણે કથામાં લઇ જવું.

પ્રવેશ ૭ મો—ચંદ્રસીંહ તથા દુર્જનસીંહના રાજ્ય, રમણી અને તાજ, બાબતમાં હવાઇ વિચારો, રાજ્ય ખુણીકા મહનીકાની મંડપમાં જતી સ્વારી, મનુભા, મણી કન્યાનો મેળાપ, હાસ્ય વિનોદ, અને વિદાયગીરી.

પ્રવેશ ૮ મો—મંડીલની હરીફાઇનો દરબાર, શસ્ત્રવિદ્યા, ચંદ્રસિંહનું પરાક્રમ, છેવટમાં મનુભાની જીત, મનુભાનું ચંદ્રસીંહથી ઘાયલ થઇ ચાલ્યા જવું.

ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—સાધુરાજ અને શીષ્યો ભજન. મનુબા તથા વિ-
જયસીંહ જંગલમાં, સાધુરાજથી મેળાપ, તથા હંશ
માટે સાધુરાજનાજ આશ્રયમાં રહેવું.

પ્રવેશ ૨ જો—ગુરૂજી, કથા, ભજનથી ગરબા ગવરાવરાવી સર્વેને
વિદાય કરવાં, પાનકોરની મીઠી લલુતા.

પ્રવેશ ૩ જો—મંડીલ જીતનાર ચાલ્યો જવાથી કીર્તિસીંહ દી-
લગીરીમાં ચંદ્રસીંહથી મેળાપ, ચંદ્રસીંહનું રાજાની
આજ્ઞાથી જીતનારની શોધમાં જવું મદનીકાથી મેળાપ,
વાદવીવાદ, છેવટે ચંદ્રસીંહનું મદનીકાના પ્રેમમાં ફસાવું.

પ્રવેશ ૪ થો—વિરહ વ્યાકુળ મણી કન્યા, આશ્વાસન, ચંદ્રસીંહથી
મેળાપ, પ્રેમની માગણી, વાદવીવાદ, મણી કન્યાનો
તીરસ્કાર.

પ્રવેશ ૫ મો—ઝવેરી રતનચંદને ત્યાં ગુરૂજીનું જમવા આવવું,
પાનકોરને પલાળવા યત્ન, પાનકોરનો તીરસ્કાર, શેઠને
ભરમાવી, પાનકોરને ફસાવી, પીએર વિદાય કરાવવી.
ગુરૂજીનું કામ વાસનાથી પાછળ પાછળ જવું.

પ્રવેશ ૬ ઠો—ગુરૂજીનું આશ્રમમાં આવવું, ગામ જવાની ધમાલ,
શીષ્યોને આજ્ઞા, ગમ્મત.

પ્રવેશ ૭ મો—જંગલમાં પાનકોર તથા ગુરૂજી વાદવિવાદ, પા-
નકોરનો તીરસ્કાર, સીદ્ધાઇના જોરથી પાનકોરને મુરછા
પમાડી ગુરૂજીનું પાનકોરને કોથળામાં ઘાલી વિદાય થવું,

પ્રવેશ ૮ મો—મનુભાની શોધમાં મણી કન્યા, મનુભાથી મેળાપ, વિરહ, મણી કન્યા પર્વતપરથી નદીમાં પડતાં મનહેવીથી બચાવ.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—ગુરૂજીનો, કાયળા સાથે અજાણતાં પાનકોરના પીએરમાંજ ઉતારો, કાયળામાં પાનકોરને બદલે હડ કાયા ડાધીઆને પુરવો. કાયળો લઇ ગુરૂજીનું જવું.

પ્રવેજ ૨ જો—મનુભા તથા મણી કન્યાનો જંગલમાં ફરી મેળાપ, ખુલાસો. બંનેનું કીર્તિપુરી તરફ વિદાય થવું.

પ્રવેશ ૩ જો—મદનીકા અને ચંદ્રસીંહ, ગમ્મત, રાજાને ઠાર કરવા યુક્તિ રચવી, મનુ તથા મણી કન્યાનું છુપા આવવું, રાજાનું આવવું, રાજાને પ્રેમઘેલો બનાવી દારૂમાં ઝેર આપવાની તૈયારી, મનુભાનું બ્હાર પડવું, પોગળનું પકડાવું, મદનીકા તથા ચંદ્રસીંહને કેદ કરી દરબારમાં લેવાં.

પ્રવેશ ૪ થો—ગુરૂજી તથા પાનકોર વાળો કાયળો, કાયળા સાથે ગુરૂજીના પ્રેમના કાલાં, કાયળામાંથી ડાધીઆનું નીકળવું, લટકાળીનો લટકાળો, ગુરૂની ફજેતી, પસ્તાવો.

પ્રવેશ ૫ મો—દરબાર, મનુભા રાજા કીર્તિસીંહનોજ પુત્રછે એમ જાહેર થવું, વિસ્મયતા, કેદીઓનો ન્યાય, તેમને મારી, મનુ તથા મણી કન્યાનો કીર્તિસીંહના હાથે હસ્ત મેળાપ, છેવટનો આનંદ.

શ્રો વિનય.

મનુ–મણી નાટકનાં પાત્રો.

પુરૂષ વર્ગ.

કિર્તિસીંહ............કિર્તિપુરીનો મહારાજા.

ચંદ્રસીંહ...............કિર્તિસીંહનો ભાણેજ

મનુભા.................નાટકનો નાયક—(પાછળથી) કીર્તિસીંહનો પુત્ર.

દુર્જનસિંહ............સામન્ત, ચંદ્રસીંહનો સોબતી.

વિજયસિંહ............સામન્ત, મનુભાનો મિત્ર.

રતનચંદ...............રાજ્યનો મોટો ઝવેરી.

ફુક્કડલાલ.............રતનચંદનો પુત્ર.

ગુરૂજી–સાધુરાજ–રાજ્યો–સીપાઈઓ–ભીખારી વિગેરે વિગેરે.

સ્ત્રી વર્ગ.

મદનીકા............રાજ્યગણીકા, કિર્તિસીંહની મનાતી રાણી.

મણીકન્યા............નાટકની નાયકા, વનદેવીએ માયાથી ઉત્પન્ન કરેલી કન્યા.

ધનકોર...............રતનચંદની સ્ત્રી.

પાનકોર...............ફુક્કડલાલની સ્ત્રી.

સાહેલીઓ–દાશીઓ–બીજી સ્ત્રીઓ વિગેરે વિગેરે.

શ્રી પાર્શ્વનાથાય નમઃ

શ્રી વિનય.

મનુ-મણી નાટકનાં ગાયનો.

અંક પેહલો.

મંગલા ચરણ.

બાળાઓ—

હરનિષ મમ ત્રાતા શીવ તું (૨)
મોહ ત્યાગી દીન રાગી (૨)
તવ ચરણ તન મન અરપણ-હરનિષ૦
જનમ મરણ ટાળી નાથ
ઝટકર દુઃખથી દુર તું
તું અનાથનો છું સાથ (૨)
તવ વિનય નમન આ મનધર-હરનિષ૦—

બાળાઓ—

આપો તેવું લેશો જારી હરીની એ નિતિ રીતિ
હરિની એ નિતિ રીતિ જાણું નર જેને વીતી -આપો૦-
જાણો છતાંય મોહ નવ મુકાયરે -આપો૦-

ચંદ્ર રવિ તારા અને વૃક્ષ નદી ને મેહ;
પરમારથ કારણ સુજ્યાં મોંઘી માનવ દેહ
કહી " જીવ ચેત " સન્ત જીભ સુકાયરે —આપો·

ચંદ્રસિંહ— ૧

બસ શાનમાં ગાનમાં તાનમાં ધ્યાનમાં
મને મૂઝવાનું ભાન—લાગ્યું તાન —બસ૦—
જાય અરે શું જાય પેલું લાંબી લાંબી ફાળે (૨)
મૃગલું મધુરૂં અહા અરે અર હા (ર) બસ૦—
ન જાણે એ જોર મ્હારૂં દોડતું તેથી બિચારૂં (૨)
જશે ક્યાં એ વારૂ ? બસ ગયું અરે હા બસ૦—

ચંદ્રસિંહ— ૨

કરૂં હવે અમન ચમન, મેળવી એ નાર
મન હરણી માનુની, બનાવું તાબેદાર
સુંદરીને સુખકર, કર કર ધરૂં
ધ્વજા ઉડાવી ગગનમાં, વિજય વિજય કરૂં —કરૂં—
રામા સાથ રાજ્યપાટ, પલ્લામાં મળ્યું.
રામા રાજ્ય સુખ સાજ, ભાગ્યતો ફળ્યું.
મગન મગન લગન લગન અમન ચમન ભરૂં
ધ્વજા ઉડાવી ગગનમાં, વિજય વિજય કરૂં—

રતનચંદ— ૩

અટંપટં કંઈ કંઈને સમજાવી ભાઈ પૈસો પેદા કર્યો
કામનો—અટંપટં
માતા પિતા સુત બંધુને બેનડી વ્હેવાર વશુ વિણુ નામનો—
બસબસ૦—અટં૦
માન ને ખાનપાન પૈસાથી થાય છે મોટો વેપાર જગ
દામનો—બસબસ૦—અટં૦
પૈસાની પ્રીતડી સંસાર રીતડી પૈસો પ્રભુ આખા ગામનો—
બસબસ૦

ધનકોર—રતનચંદ—માગણુ—૪

કંજુસ કેરી કમાણીરે આખર ધુળ ધાણી
છાની રહે બેશ બેશ ફેરવે શું પૈસાપર પાણી—કંજુસ૦
ભલે શરીરની ચમડી તુટે,
પણ હાથેથી ન દમડી છુટે
સાચી જગે તે કહાણીરે—આખર—કંજુસ૦—
પળી પળી ભલે સીંચે કૃપણુ પણુ
રામ ઉઠાવે મારો કુમ્પો
રાજા લુટે ઘર આગે બળે
કાંતો તસ્કર લે દઈ ટુંપો

પરંતુ પાજીની પુંજી ટકે ના
વેદ વદે એમ વાણીરે—આખર૦—કંજુસ૦—
આવ્યા બાંધી મુઠી જાવું ઉઘાડે હાથ
હાથે કર્યું સાથે બીજુ ન કોઇ સાથ
ચુપ ચુપ ડાહ્યલા, નીકળ અહીંથી બ્હાર
નીકર ખાઇશ માર, કોઈ કરે ન ઉદ્ધાર
મ્હારો બેલી કિરતાર વાત જાણીરે—આખર—કંજુસ૦

દાસી— ૫

છે નોકરી દુઃખનું મૂળ શળ સૌને મોટી
હાય હાયરે શળ સૌને મોટી (૨) છે૦—
સારો દીવસ સેવા બજાવી, પોઢવું આખર થાકી
રાત વીતી ન માલમ પડે કે ઝટ નોકરી જાગી—શળ—છે૦—
આમ દોડાવે તેમ દોડાવે, કરાવે સર્વે વેઠ
ધિકક જગતમાં જીવતર તેનું (૨) ભરે આશરે પેટ—
શળ—છે૦—
પંડીત જ્ઞાની ધ્યાની સર્વે લખી ગયા વિચારી
ગુલામગીરી છે નકટ નોકરી (૨) નહીં કરવી તે સારી
શળ—છે૦—

મનુભા—   ૬

દુઃખીઓ આ દુનીઆમાંરે હું અહીંથી તહીં અથડાઉં
ચઢતી પડતી દશા ચક્રરે ચઢતાં ગોથાં ખાઉં
કોણ કુટુંબે જન્મ થયો ?
બાળ કાળ શી રીતે ગયો ?
ઉંચો ચઢી ભવસાગર મોજે નીચો પડી પછડાઉં–દુઃખીઓ
વિરંગી રંગો રમીઓ બહુ
જંગલ જંગલ ભમીઓ સહુ
ખમતો દુઃખ સુખ સર્વ તરેહનાં અજબ સ્થીતિ પલટાઉં—
દુઃખીઓ.

(ખરેખર કહ્યું છે કે)
સુખ આવ્યું તો ભોગવો દુઃખ આવે તો તેમ
સુખ દુઃખ બે ફેરા ફરે ચક્ર ફરે છે જેમ
(માટે)
સુખ ઉપભોગો ભોગવવા
દુઃખના દહાડા પણ રહેવા
ધાર્યું ધરણીધરનું થાતું માની મન ન મુંઝાવું–દુઃખીઓ૦

દાસી-મનુભા—   ૭

પ્રેમી પ્રેમની પ્યાલી પ્રેમમાં મ્હાલી
હશી હશી પીવરાવો
રસિલા ઓ તલસાવો ના–પ્રેમી૦—

પ્રેમ વારૂણીનો ઘુંટડો, પીતે પીતા કોક
પીએ તે મુકે નહીં, કહે ગમે તે લોક-પ્રેમી૦ -
પ્રેમ હેમ આ વિશ્વમાં, હેમ થકી મુલવાન
હીમ સમ હૈયાને કરે, શીતળતાનું ભાન-પ્રેમી૦—

માનીકા મનુભા—   ૮

વડો વડાઈ ના કરે, તું માને મશગુલ,
હીરા મુખથી ના કહે, લાખ અમારૂં મૂલ
ઝવેરી પાસે ના કરે, હીરા મૂલ કબૂલ
અનઘડ પાસે ના કહે, તો હીરાની ભૂલ—
નાહાન બહુ માન ન માગતું
ન જાણુતો રાજા તુને બચાવશે
રાણી પાસે રાજા ગુલામ—   નાહાન૦—
માનીજા અભિમાન મુકી, મન મહીં શું રીસ છે ?
રીસ શાની ધુતારી, મુક લવારી તારી— નાહાન૦—
(ઠીક છે ઠીક જોઇ લઈશ)
ફાવે તે કરતું ભલે બેલી મ્હારો ઇશ છે
ઇશ જોઉં છું ત્હારો કરે છે શું બિચારો ?-નાહાન૦—

મણી—   ૯

લટકેને મટકેરે લાલ તણા લોભાણી લટકે
પ્રેમ તણા ખટકેરે—

અંતર ઉંચુનીચું થઇ થઇને અટકે
ચાતુરને ચટકેરે—
પ્રીતમ બાંધી પ્રેમ તણા પટકે—
અહાહા અહાહા અહોહો અહોહો
કોઈ માગે સોનું બાઈ કોઈને તો હીરા
કોઈ માગે લુગડાં ને કોઇને દાગીના
(મારૂં મન) ભ્રમરથી ભટકેરે
લાગ્યું પ્રેમ સાકરના કટકે
સાકરને કટકે સુધારસ ઘટકે
ભટકે ને અટકેરે
અહાહા અહાહા અહોહો અહોહો— લટકે૦—

મણી—સખીઓ.—ગરબો. ૧૦

ચોકના તે સાહ્યબાને સજની નિહાળો
કેવો રસીયો એ રજની સંગાથરે રંગે મ્હાલે છે.
શાંતિ સુધારસ સિંચતો સલુણો
બાળે ભાળાને માઝમ રાતરે અંતર સાલે છે—
ચંદ્ર વસ્યો આકાશમાં, પોયણુ જળની માંહ્ય
પ્રેમ મંત્ર પોતે જપી, લળી લળી લાગે પાય
ભુલી દેહનું ભાન, પ્રીત પાનમાંરે
વ્હાલમ શીદને નમેરા તમે થયા જો

પ્રીત પંખીણી પ્રેમ મેદાનમાંરે
વીંધી ચાલ્યા વ્હાલમ વેહ બાણમાંરે—વ્હાલમ૦
જ્ઞાન ધ્યાન વિસરી સખી, ખાન પાન આરામ
હરતાં ફરતાં એકલાં સાલુ સુંદર શ્યામ
રઢ લાગી રસીક રઢ લાગી
પ્રીત વચનની વાંસળી વાગી—રસીક૦—
મારા ભવની તે ભાવટ ભાગી
સખી સ્વપ્નામાં મળીયા સુહાગી—
પ્રેમ પંથ ન્યારો અતી, વ્હાલમ તણો વીરામ
પાર પલકમાં પામવા, અવીનાશી દે હામ
પરવશ પડયાં અમે પ્રીતી કરીને
બ્હેની નગુણા નણદલ વીર
આંગણીએ આવો તમેરે હે વનમાળી
બાળ્યાં ઝાળ્યાં અમે બોલતાં
પણ વારી શ્યામ શરીર—આંગણીએ૦—

બધી—સખીઓ— ૧૧

પ્રીતી પાશે પડેલી ઓ બ્હેન બાળા રીસાય શું.
મીઠી આશે જડેલી ઓ બ્હેન બાળા રીસાય શું.
કોની લટકાળી ભાળી આંખો રૂપાળી ?
આલી કોણ મળ્યો વનમાળી ?
બહુ બોલના—

નારે ના બા
હટ દુર શી જરૂર—ગાઢ
જાઆરે જાજા રીસાયશું—પ્રીતી૦—

કુકડલાલ— ૧૨

બન્યા આ કુકકડ બંદા (૨)
કઇ કંઇ કરીને ધંધા (૨)
પંકાયા જગમાં બધા (૨)
કુકકડ છું, અકકડ છું, વકકર છું બેઠો ખોઇ-બન્યા૦—
હસું કે રડું, રડાવું કે નડું
હાહા એ વાહ વાહ એ કુકકડના છે એ ફંદા-બન્યા૦—

પાનકોર-કુકડ— ૧૩

મુંગી મરમર કર હઠના હઠીલી કજાત
કર હઠના હઠીલી કજાત જાણી તું ત્હારી વાત
મારૂં ધુતારી વાત, જેવી જાત તેવી ભાત-મુંગી૦—
હાજી હાજી કરૂં, ત્હોયે સતાવો
બાળા અનાથ ઝાલીને હાથ
સાથે લ્યો નાથ, કરે કોણ ત્હારો સાથ-મુંગી૦—

પાનકોર— ૧૪

વરસાદ અને વહુઓને છે જગમાં મરવાનું મરવાનું
થોડા પડે તો કે' થોડા પડે છે

ઘણો પડે કહે છે ઘણો નડે છે
કામ કરી કરી થાકી જતાં પણ સાસુ નણંદથી ડરવાનું
ડરવાનું—વરસાદ—

બોલીએ નહીં કે, મુંગી ડસે છે
બોલીએ તો કહે કેવી ભસે છે
હાજીહા હાજીહા સઉને કરતાં ટપલા ખાઈ પેટ ભરવાનું
ભરવાનું-વરસાદ-

સાસુનાં દીકરાં વહુના કકેડાં
લડે વઢે ન્હોયે કર્મે જડેલાં
નાના અને મોટાં સઉકોનું કાને ભુલી ભુલી કહી ધર-
વાનું ધરવાનું—વરસાદ૦—

મનુ—મણી— ૧૫
રસીલા રસીલી સ્વીકારો મારો ન મોહન માર
હાં આવો આવો, દીલ દબાવો, નાહીં જાઓ,
હ્યો લેવરાવો પ્રીતીનો ન્હાર— . રસીલા૦-
જાઓ જાઓ બોલો શું ? આમ
રાખો કંઇ ભાન રાખો કંઈ સાન
રામા ઘટે ન આવું, ભામા ઘટે ન આવું
જીતીને આવ્યા સુધી, મનને મનાવી લઇ
કરો ન પ્યાર —ખોટો વ્હેવાર— રસીલા૦—
મધ લોભી મધુકર કહી

મુકે ન મધુ આવાસ
પ્રાણુથી મધ પ્યારૂં ગણે
પુર પ્રીતીનો પાસ
રંગીલા છબીલા છોગાળા સોખાવો જીતશો
ઈચ્છતી અબળા આવાર— રસીલા૦—

મનુ-મણી— ૧૬

મનહરણી આ મન હરી લીધું તેં આજ
વ્હેલા આવજો હો રાજ
લટકે લોભાતાં લોપી લલનાએ લાજ—વ્હેલા—
ભામા ભાન ભુલાવ્યું ભુલો ભમું તુજ કાજ—વ્હેલા૦—
રસીયા રસીક તમે છો રંગભીના મ્હારાજ—વ્હેલા૦—
ચતુરા ચીતડું ચોરી રમી રહીચિતમાંજ—વ્હેલા—
જીવન ખમા ખમા છે ઘણું જીવો શીરતાજ—વ્હેલા-

દરબાર—ડેન્સ—ટેબ્લો.

અંક પહેલો સમાપ્ત.



અંક ૨ જો.

સોકુઓ— ૧૭

જાગીને (૨) તું જીવડા દેખરે શું અચળ છે જગમાં
પૃથ્વી અચળના, પ્હાડ અચળના, અચળ ન સાગર નીર
તેમજ છે ઘરબાર, રૂપાળી નાર, પુત્ર પરીવાર
મુરખ મન ધરરરરરરરર—જાગીને૦—
લક્ષ્મી અચળના, ભોગ અચળના, અચળ ન તારૂં-શરીર-
ધારી રહ્યો શું ધીર, સમજ નર વીર, કાળનું તીર
વાગશે સરરરરરરરર—જાગીને૦—

ગુરૂ— ૧૮

માળા ઓ બાપ મ્હારી માળા
ત્હારા વિના અમે કાલા, ત્હારા સઘળા છે ચાળા
ત્હારા થકીજ રૂપાળા—માળા—
પડતાં મણુકાજ એક, બુદ્ધિ સુઝે અનેક
રાખે જ્યાં ત્યાં તું ટેક, મોઢે રાખી વીવેક—માળા—
બની ભગત હું થયો હાલ ન્યાલ.
નામે નારાયણે મોટે દીધો માલ
ત્હારા વડે છે આ ધંધોને ધમાલ
મ્હાંચી ધીર ધીર ઠેઠ, થઇ શેઠનો હું શેઠ
પુરે પેટે ભરૂં પેટ—માળા—

મહનીકા-ચંદ્રસિંહ— ૧૯

રંગીલા રસીલા છબીલા મોરે રસીયા
મનમાં વશીયા મ્હારારે હો જી૦—
જીવ જુદાઈ હવે ન ગણુશો
પ્રીત વિનાનું બીજું ન ભણુશો
અમન ચમન ઉડાવો મોરે રસીયા— મનમાં૦—
વાહ મધુરી પ્યારી મળી છું
રૂડી રતી ગુલાબ કળી છું
થનક થનક ઠુમ ચાલો મોરે રસીયા— મનમાં૦—

મણી— ૨૦

ઉર હર્ષ ના સમાતો તમ નામ જીભથી લેતાં
તમ નામ જીભથી લેતાં, આનંદ અશ્રુ વ્હેતાં—ઉર૦—
આવો ના સતાવો,
રસીલા નાથ નમેરા— ઉર હર્ષ—
કમળ વસે કાસારમાં, ચન્દ્ર ચઢ્યો આકાશ
અંતર બે વચ્ચે છતાં, સદા હૃદયમાં પાસ— ઉર હર્ષ—

મણી— ૨૧

સજની બોલના, ન જાણું વ્હાલ (૨)

શીખ બહુ આપે, શું અજાણ્યું— સજની.—
વંઝયા કેમ કહી શકે, પ્રસવ વેદના પીડ ?
લખપતી જાણે નહીં કદી, શું નાણાંની ભીડ ?—સજની.
ખાખરની ખીસ્કોલીને, શું સાકરનું ભાન ?
અંધાને શું આરશી, બ્હેરાને શું ગાન ?—સજની.—

મણી— ૨૨

હું આ રહીરે, પિયુ આવો આવો પ્યારા—
મોહન વેલી, પ્રીતમ મ્હેલી, જાશો જીવનહારારે ? હું—
અમૃતનો આ કુપ છે, કરો પ્રીતમ મમપાન
વિરહ ઉનાળે વ્હાલમા ! મુકાશે ક્યો ધ્યાન હું.—
દેવાંશી પ્રીત મીઠડી, મોહન ! મધુરી નાર.
ફરી ફરી મળતાં નથી, ભાગ્ય વિના ભરથાર— હું—

ચંદ્ર—મણી— ૨૩

મધુરી માન મન મીઠડી બોલાવતું
મધુરી માન મનથી હા તનથી ના ભણતી
સબળ થઈ અબળા ન સતાવ તું
અબળ છતાં લવલેશ તને હું ના ગણતી
રસીલી ચાખ રસ કરી મન ભાવતું—મધુરી૦—

२३

ચાંદો સુરજ જોડ છે, નરનારીની જોડ
સારસનુ એ જોડલું, જ્યાં ત્યાં જોડા જોડ
જોડ વિના શું વિશ્વમાં, જોડ પુરે છે કો'ડ
ચંદ્ર મણીનું જોડલું
.................સુકનું માથા ફોડ
નફ્ફટ ફટકા ઝટપટ દુર તું
દુર તું નીચ દુર નહિ અહિં આવતું
ભાવિ ભુલાવે ભાન—મધુરી૦—

ગુરૂજી—   २४

સુક્તી કરતાં, મારી મરતાં લેવી કબજે ફરતાં ફરતાં
મનહર પ્યારી કરૂ હું મ્હારી, મનડું ઠારી ઠરતાં
ઉડાવું મોજે અધધધધ
જગ જન સહુ જોજે અહહહહ—સુક્તી૦—
કારજ સરતાં, જરી નહીં ડરતાં,
પ્રેમી સાગર તરતાં તરતાં
હાલી આલી, રંગે મ્હાલી, હીંમત ઠાલી ખરતાં
ઉડાવું મોજે અહહહહ
જગ જન સહુ જોજે અધધધધ—સુક્તિ૦—

સુર—પાનકોર— ૨૫

દુર દુર જા ધુતારા દુર મગદુર શું ?
શું સતાવી કામિનીને શું જતાવે શુર તું ?
હું કયાં સતાવું, બોલ ના આવું
ધીમી જરા પડ પ્રાણુ
બોલ ત્હારા લાગે મ્હને બાણ
મીઠી મીઠી આ વાણુ, અહા ! જીગ્યું પરમાણુ
કાળ આવ્યો છે જાણુ
અરે જા જા જા
પ્રિય ના ના ના
(માન મ્હારૂં, બાન ત્હારૂં, ઝટપટ ઠેકાણે લાવ)
જા જા નફટ ધુર દુર તું—દુર દુર૦—

મર્જી— ૨૬

મમ નાથ નમેરા થયા
સકળ આ સુનો છે સંસાર જીવીને શું કરવું—મમ૦—
જોયું જગતમાં જોઇને, નાના થવામાં સુખ છે,
મોટા થયા ખોટા થયા મોટા થયા ત્યાં દુ:ખ છે.
આકાશમાં તારા જુવો સુખે ચળકતા જાય છે
મોટા થયા ચાંદો સુરજતો, રાહુથી ઘેરાય છે.
દીન રડવાના આ રહ્યા
સકળ આ પ્રીતીનો વ્હેવાર— જીવીને૦—

મણી—   ૨૭

મુજ અબળાની અરજી ગરજી
તું સુણજે વાંકમજી અરજી
વ્હાલા મ્હેરી જગત ઉલટતાં
તુંજ રક્ષા મું કરજી—મુજ૦
ઘર ત્યાગી વનમાં ગઈ, વનમાં લાગી લાહ્ય
માર મરેલીને પ્રભુ, દુઃખીઆરી એ ચાહ્ય—મુજ—
એમ આનંદ સુખ વખમાં બે સાથે ગુરકેલ
૦ ગરીબા બાબા જુદી, અજબ તાહરો ખેલ—મુજ૦—

અંક બીજો સમાપ્ત.



અંક ૩ જો.

બધા— ૨૮

ભલે આવ્યા ગુરૂ મ્હારાજ, દુઃખડાંને હરીયાં
સૌ સફળ થયાં અમકાજ ચીતડાં આ ઠરીયાં
તમ ચરણ શરણથી નાથ પામે સૌ જાગે
ભવ જનમ મરણના ત્રાસથી પણ છુટાગે
ધન્ય ધન્ય ઘડી દીને આજ આજ તણો લ્હાવો
પ્રભુ પધારીયા શીરતાજ ભવ ભાવટ કહાડો ભલે—

મણી— ૨૯

વ્હાલીડા યોવન લ્હાવા લ્યોને.
છોગાળા સંગમ સુખડાં ધોને
કાજ તણારે મ્હેં આ મંડપ રચ્યો રસીલા
હવે આવો ને કરવા ઉપભોગરે— વ્હાલીડા.—
મોહ્યું બંધન પ્રેમનું, પ્રિતમ ચતુર સુજાણ
ભ્રમર વાંસને છેદતો, પંકજને દે પ્રાણ વ્હાલીડા—

મનુ—મણી— ૩૦

ચાલો (૩) અલબેલા, મનડે માનેલા, ઓ છેલા,
આનંદ રંગ રેલીએ ચાલો—
મોહન વેલી મળ્યે ભાગ્યશાળી

વેલી મળેલીના છો વનમાળી
પ્રીતમ પ્રીતીનું પાન—
જી હાં હાં
કરો કરાવો સુજાણ—
જી હાં હાં— અં લો—

છોકરીઓ— ૩૧

જાઓ બોલો ના બોલાવો ના શરમાવશોરે
નવ નવ રમણી સંગ રમીને
કમળ કમળ પર ભ્રમર ભમીને
રમતાં ભમતાં મમ મંદીરના આવશોરે૦ જાઓ૦—
કંઇ બોલી કંઈ નાથ ! કરીને
કંઈ તરછોડી હૃદય ધરીને
ખોટો ડોળ કરીને નહી લોભાવશોરે— જાઓ૦—

છોકરીઓ— ૩૨

ફુંટો જોબનીઆની બ્હાર, રાણા શાણા સરદાર
સકળ જગતનો સાર, મીઠી ભામનીઓનો પ્યાર
જ્યાં કહો ત્યાં તૈયાર, મનના મોહન હૈયા હાર ફુંટો૦—
તન મન વશ કરનાર પ્યારા, કમળ નયનનો માર
મ્હાતાં વારંવાર જીવન જીવના શણગાર ફુંટો૦—

ગુર્જરી— ૩૩

લટકાળી લટકાળી લટકાળીરે નીકળ્યા
ધીમે ધીમે એ લટકાળી.
ખાવા પીવાંનુ ઘણાં ઘરેણાં
સાસુ નણંદનાં છે નહીં મ્હેણાં
અહાહાહા અહોહોહો
હસી હસીને લઇશું તાળીરે—નીકળ્યો૦—
પ્રીતેથી પોઢો પ્યારી પલંગે
આવો રસીલો તમારી સંગે
અહાહાહા અહોહોહો
તમ જેવી રૂપાળી ન ભાળીરે—નીકળ્યો૦—

મળી કન્યા તથા સર્વે— ૩૪

ઉમંગ અંગ અંગ છે ધન્ય દીન આજે,
પ્રભુ મ્હારા ગિરિધારા ધારા ગુણ ત્હારા, ગાઉં પ્યારા
શીવસ્વામીને, ખલદામીને, સુખપામીને, શીષ નામીને
પ્રિયતમ સાથે, મેળવી નાથે ! નમું સંગાથે—
જય—જય—જય—

સત્યને તું તારજે, મોતીએ વધાવજે,

અસત્યને ડુબાવજે, પાપોને ફસાવજે—

સત્યની બાંહ્ય તું; સત્યને સ્હાય તું, સત્યને સ્હાય તું
હે દેવા

તારક તું, સંહારક તું, ઉપકારક તું, ચીત્ત હારક તું,
ઉમંગ—



જાહેર ખબર.

નીચે જણાવેલાં પુસ્તકો શ્રી દેશી નાટક કંપની લીમી-
ટેડનો મુકામ જ્યાં હોય ત્યાંથી [illegible]
[illegible] અમદાવા [illegible] મળશે.
નહિ.

રમાદેવી	(આવૃત્તી બીજી) [illegible]
ઉમરેખું અને સોમનાથનો [illegible]	„ [illegible]
તારા—સુંદરી.	„ [illegible]
શારદા	„ [illegible]
લવ—કુશ	„ [illegible]
મધુ-માલતી	„ [illegible]
[illegible]	(છપાય છે) [illegible]
[illegible]	(છપાય છે) [illegible]

શ્રી દેશી નાટક કંપની લીમીટેડ.

અમદાવાદ.